પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ  વર્ષ : ૨૮  અંક : ૭૪  કુલ પાના : ૪  તારીખ : ૧૮-૧૧-૨૦૨૪ સોમવાર  કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# મણિપુર હિંસાની આગ મંત્રીઓ અને ધારાસભ્યો સુધી પહોંચી, મુખ્યમંત્રી એન બિરેન સિંહના ઘર પર હુમલો કરવાનો પ્રયાસ

## મણિપુરની જીરી નદીમાંથી એક મહિલા અને બે બાળકોના મૃતદેહ મળ્યા બાદ એકવાર હિંસા ફાટી નીકળી

ઈમ્ફાલ

મણિપુરની જીરી નદીમાંથી એક મહિલા અને બે બાળકોના મૃતદેહ મળ્યા બાદ મણિપુરના શાંતિપૂર્ણ જીરીબામ વિસ્તારમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી હતી. આ હિંસા જીરીબામ થઈને રાજધાની ઈમ્ફાલ પહોંચી હતી. હિંસક ટોળાએ સીએમ એન બિરેન સિંહના ખાનગી ઘરને પણ નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો અને આ વિસ્તારમાં મિલકતો અને વાહનોને આગ ચાંપી હતી. વાસ્તવમાં, રાજધાની ઈમ્ફાલ પશ્ચિમમાં જોરદાર વિરોધ શરૂ થયો. આ ટોળાએ રાજકારણીઓના ઘરોને નિશાન બનાવ્યા હતા. સીએમ એન બિરેન સિંહના મંત્રીઓના ઠેકાણાઓને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. જેના કારણે પ્રશાસને અચોક્કસ મુદત માટે



કર્ફ્યુ લાદી દીધો છે. ટોળાએ જીરીબામથી ઈમ્ફાલ સુધીના અનેક બીજેપી નેતાઓના ઘરોને નિશાન બનાવ્યા હતા. આટલું જ નહીં સીએમ એન બિરેન સિંહના જમાઈ રાજકુમાર ઈમો સિંહ અને ઈમ્ફાલ સરકારના મંત્રી ખુરાઈના ધારાસભ્ય એલ સુસિન્દ્રો પર નિશાન સાધવામાં આવ્યું છે.

ભાજપના ઉરીપોકના ધારાસભ્ય રઘુપતિ સિંહ, પટસોઈના ધારાસભ્ય એસપી કુંજકેશ્વર, થંગમેઈબંદના ધારાસભ્ય કે જોયકિસન સિંહ અને અપક્ષ ધારાસભ્ય એસપી સામ નિશિકાંતના ઘરોને નિશાન બનાવવામાં આવ્યા છે. આ નેતાઓના ઘરની મિલકતો અને વાહનોને પણ આગ ચાંપી દેવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, શનિવારે રાત્રે ટોળાએ ઈમ્ફાલના હેનગાંગમાં મુખ્યમંત્રી એન બિરેન સિંહના ખાનગી આવાસ પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તે સમયે તે ત્યાં હાજર નહોતો. સુરક્ષા દળો દ્વારા ભીડને પાછળ ધકેલી દેવામાં આવી હતી, જેમણે ખાલી ગોળીઓ અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા. સળગતા ટાયરો તેમના નિવાસસ્થાન તરફ જતા હાઈવે પર ફેલાઈ ગયા હતા. ઈમ્ફાલના પૂર્વ અને પશ્ચિમ બંને જિલ્લા સહિત સાત જિલ્લાઓમાં બે દિવસ માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સેન્ટ્રલ મેઈટી વર્ચસ્વવાળી ખીણના તમામ પાંચ જિલ્લાઓનો સમાવેશ થાય છે. તે જ સમયે, કુકી પ્રભુત્વ ધરાવતા સમુદાયના કાંગપોકપી અને ચુરાચંદપુર જિલ્લામાં પણ ભારે હિંસા જોવા મળી હતી.

ઈમ્ફાલના સગોલબંદમાં આરકે ઈમોના નિવાસસ્થાને, ટોળાએ બહાર તૈનાત સુરક્ષા ટીમ પર કાબૂ મેળવ્યો, ગેટ તોડી નાખ્યો અને ફર્નિચરને આગ ચાંપી દીધી. આગ વધુ પ્રસરે તે પહેલા ફાયર બ્રિગેડની ટીમે કાબુ મેળવી લીધો હતો. અધિકારીઓએ કહ્યું કે જ્યારે ધારાસભ્યના નિવાસસ્થાન પર હુમલો થયો ત્યારે તેઓ હાજર ન હતા. થોડી જ મિનિટોમાં બીજા ટોળાએ સપમ કુંજકેશ્વરના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો અને મિલકતને નુકસાન પહોંચાડ્યું અને વાહનોને આગ ચાંપી દીધી.

એક વિરોધકર્તાએ કહ્યું છે કે રાજકારણીઓ લોકોને નિષ્ફળ ગયા છે અને નિર્દોષ નાગરિકોના જીવનની સુરક્ષા કરવામાં નિષ્ફળ ગયા પછી તેઓ પદ પર રહેવાને લાયક નથી. શનિવારે રાત્રે જિરીબામમાં પણ આગ લાગી હતી, જ્યારે ગુસ્સે ભરાયેલા ટોળાએ હમાર સમુદાયના સભ્યોની મિલકતોને આગ લગાડી હતી, જેમાં ઘરો અને ઓછામાં ઓછા એક ચર્ચનો સમાવેશ થાય છે.જીરીબામમાં વંશીય વિભાજનની બંને બાજુએ અનેક મૃત્યુ બાદ રાજધાની અરાજકતામાં ઉતરી ગઈ છે. સોમવારે, પોલીસ સ્ટેશનમાં મેટિસ માટે સ્થાપિત રાહત શિબિરને કથિત રીતે સશસ્ત્ર માણસો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના પગલે સીઆરપીએફએ હમાર સમુદાયના ૧૦ લોકોને ઠાર માર્યા હતા.

શનિવારે કેન્દ્રએ પણ દરમિયાનગીરી કરી હતી. એક નિવેદનમાં કેન્દ્રએ કહ્યું કે મણિપુરમાં છેલ્લા કેટલાક દિવસોથી સુરક્ષાની સ્થિતિ નાજુક છે. બંને લડતા સમુદાયોના સશસ્ત્ર બદમાશો હિંસામાં સામેલ છે, જે કમનસીબે જાનહાનિ અને જાહેર વ્યવસ્થાના વિક્ષેપમાં પરિણમે છે. તમામ સુરક્ષા દળોને વ્યવસ્થા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. કોઈપણ હિંસક અને વિક્ષેપજનક પ્રવૃત્તિઓમાં સામેલ થવાનો પ્રયાસ કરશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઈમ્ફાલ વેસ્ટ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ ટી કિરણ કુમાર દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિને કારણે આ પગલું ભરવામાં આવ્યું છે. અગાઉ ત્રણ લોકોની હત્યાના વિરોધમાં વિરોધને પગલે ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરવામાં આવી હતી.૧૫ નવેમ્બરે જારી કરાયેલા આદેશ અનુસાર, સત્તાવાળાઓએ ૧૬ નવેમ્બરના રોજ સવારે ૫ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધી કર્ફ્યુમાં રાહત આપી હતી. જો કે, ઈમ્ફાલમાં મેઈતેઈ સમુદાયના ધારાસભ્યોના ઘરો પર અનેક હિંસક હુમલાઓ નોંધાયા બાદ આ છૂટછાટનો આદેશ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યો હતો.

# મુંબઈમાં આરબીઆઈ ઓફિસને લશ્કર-એ-તૈયબાના સીઈઓ તરીકે ધમકીભર્યો ફોન આવ્યો

મુંબઈ

મુંબઈમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ઓફિસને ધમકીભર્યો ફોન આવ્યો હતો. ફોન કરનારે આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના સીઈઓ તરીકે ઓળખાવ્યા અને ધમકી આપી. પ્રાથમિક માહિતી મુજબ સવારે લગભગ ૧૧:૦૦ વાગ્યે આ કોલ આવ્યો હતો અને ત્યારબાદ આરોપીએ ગીત ગાવાનું શરૂ કર્યું હતું.

કોલ મળ્યા બાદ આરબીઆઈ અધિકારીઓએ તરત જ મુંબઈ પોલીસને જાણ કરી હતી. પોલીસે રામાબાઈ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો હતો. હાલ પોલીસ દ્વારા આરોપીઓને ઓળખવા અને તેમના સુધી પહોંચવા માટે તપાસ કરવામાં આવી રહી છે.

મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને મુંબઈ પોલીસે એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસનું કહેવું છે કે આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, અને કોલ પાછળ કોણ હતું તે શોધવાના પ્રયાસો જલ્દી કરવામાં આવી રહ્યા છે.

અગાઉ મુંબઈ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. મુંબઈ ડોમેસ્ટિક એરપોર્ટ પર સીઆઈએસએફ કંટ્રોલ રૂમને બુધવારે બપોરે ધમકીભર્યો કોલ મળ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે એક વ્યક્તિ મુંબઈથી અઝરબૈજાન તરફ વિસ્ફોટક સામગ્રી લઈને જઈ રહ્યો હતો. આ કોલથી એરપોર્ટ પર હલચલ મચી ગઈ હતી. સીઆઈએસએફની ટીમે તરત જ મામલાને ગંભીરતાથી લીધો અને સહાર પોલીસ સ્ટેશનને એલર્ટ કર્યું, જેના પગલે પોલીસ કર્મચારીઓની એક ટીમ એરપોર્ટ પર તૈનાત કરવામાં આવી અને વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી. ફોન કરનારે કોઈ ચોક્કસ ફ્લાઈટનો ઉલ્લેખ કર્યો ન હતો અને બપોરે ૩:૦૦ વાગ્યાની આસપાસ અચાનક કૉલ બંધ કરી દીધો હતો. આ પછી અધિકારીઓએ આ કોલની તપાસ શરૂ કરી.

## વડાપ્રધાન મોદી નાઈજીરીયામાં "ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઈજર" થી સન્માનિત

નવીદિલ્હી

અબુજાઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અબુજામાં નાઈજીરીયાનું સર્વોચ્ચ સન્માન "ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઈજર" એનાયત કરવામાં આવ્યું છે. આ ૧૭મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે જે તેને અન્ય કોઈ દેશમાંથી મળી રહ્યો છે. આ પુરસ્કાર રવિવારે નાઈજીરિયા વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપવામાં આવશે. નાઈજીરીયાના વડાપ્રધાન આ સર્વોચ્ચ સન્માન મેળવનાર વિશ્વના બીજા સૌથી મોટા વ્યક્તિત્વ હશે. આ પહેલા બ્રિટનની મહારાણી એલિઝાબેથ એકમાત્ર વિદેશી મહાનુભાવ છે જેમને ૧૯૬૯માં નાઈજીરિયા દ્વારા આ સન્માન આપવામાં આવ્યું હતું.

આ પછી હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ એવોર્ડ લેવા જઈ રહ્યા છે. જે કોઈપણ દેશ દ્વારા પીએમ મોદીને આપવામાં આવેલ આ પ્રકારનો ૧૭મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર હશે. આ પહેલા ફ્રાન્સ, જાપાન, ઓસ્ટ્રેલિયા જેવા દેશો પણ પીએમ મોદીને તેમના સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કરી ચૂક્યા છે.

## ભારતે લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કરીને રચ્યો ઈતિહાસ

નવીદિલ્હી

રક્ષા મંત્રી રાજનાથ સિંહે રવિવારે કહ્યું કે ભારતે ઓડિશાના દરિયા કિનારે આવેલા ડૉ એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાઈપરસોનિક મિસાઈલનું શનિવારે પરીક્ષણ કરવામાં આવ્યું હતું.રાજનાથ સિંહે આ મિસાઈલના પરીક્ષણને ઐતિહાસિક ક્ષણ ગણાવ્યું હતું અને કહ્યું હતું કે આ સાથે ભારત એવા દેશોના પસંદગીના જૂથમાં સામેલ થઈ ગયું છે જે આ પ્રકારની મહત્વપૂર્ણ ટેક્નોલોજી વિકસાવવાની ક્ષમતા ધરાવે છે. રક્ષા મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''ઓડિશાના દરિયાકિનારે ડૉ.એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરીને ભારતે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે.''તેમણે કહ્યું, 'આ એક ઐતિહાસિક ક્ષણ છે અને આ મહત્વપૂર્ણ સિદ્ધિએ આપણા દેશને એવા દેશોના પસંદગીના જૂથમાં સામેલ કર્યો છે જેઓ આટલી મહત્વપૂર્ણ અને અદ્યતન સૈન્ય તકનીકીઓની ક્ષમતા ધરાવે છે.' આ સિદ્ધિ માટે સશસ્ત્ર દળો અને ઉદ્યોગને અભિનંદન.તમને જણાવી દઈએ કે હાઈપરસોનિક મિસાઈલને એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે તે પેલોડને ૧૫૦૦ કિલોમીટરથી વધુ દૂર સુધી લઈ જઈ શકે છે. તેની ખાસિયત એ છે કે તે અંદાજે ૬૧૭૪ કિમી પ્રતિ કલાકની ઝડપે ત્રાટકે છે. આવી સ્થિતિમાં તેને શોધવી મુશ્કેલ બની જાય છે. તે આધુનિક સૈન્ય તકનીક, પ્રતિકાર અને ફાયરપાવરથી સજ્જ છે.




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

समग्र शिक्षा
Samagra Shiksha

રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે

"મફત પરિવહન સુવિધા"



સમગ્ર શિક્ષા અંતર્ગત રાજ્યની ધોરણ-૧ થી ૮ની સરકારી પ્રાથમિક અને ધોરણ-૯ થી ૧૨ની સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે મફત પરિવહન સુવિધા ઉપલબ્ધ છે...

- મફત પરિવહન સુવિધા મેળવવાની પાત્રતા

(૧) ધોરણ-૧ થી ૫ની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૧-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.
(૨) ધોરણ-૬ થી ૮ની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૩-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.
(૩) ધોરણ-૯ થી ૧૨ની સરકારી અને અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૫-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.

નોટ - મફત પરિવહન સુવિધાની માહિતી માટે નજીકની શાળાનો સંપર્ક કરવો
પરિવહન સંબંધિત મુશ્કેલી માટે transportspo@ssguj.in પર ઈ-મેઈલ અથવા મો-૭૫૭૪૮૦૦૭૪૦ પર સંપર્ક કરવો.

# વિરપુરના વધાસ ગામે ગીરો આપેલ જમીન પચાવી પાડતા લેન્ડગ્રેબિંગની ફરિયાદ

વિરપુર,

મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના વધાસ ગામમાં માત્ર ૧૩ હજારમાં ગીરો આપેલી જમીન માથાભારે શખ્સે પચાવી પાડી હતી. આ શખ્સને રકમ પરત કરવાનુ કહેતા તેણે લીધા ન હતા. અને જમીનનો કબ્જો પણ સોંપ્યો ન હતો. આખરે આ અંગે લેન્ડગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધાવવા પામી હતી.

વધાસ ગામની પંચાયત કુવા પાસે રહેતા જયંતિભાઈ ખાતુભાઈ ખેતી કામ કરે છે. તેમની વડીલો પાર્જીત જમીન આવેલી છે. જેમાં સર્વે નં.-૨૬૩ વાળી જમીન આશરે ત્રણથી સાડા ત્રણ વિઘા જેટલી જમીન ૨૦૧૪માં ગામના રમેશભાઈ માનાભાઈને રૂ.૧૩ હજારમાં ગીરવે પેટે આપી હતી. આ સમયે બે વર્ષમાં નાણાં ચુકવવાનો વાયદો કર્યો હતો. જયારે જમીન રમેશભાઈ માનાભાઈ ખેડી વાવી ઉપજ મેળવતા હતા. આખરે વર્ષ-૨૦૧૭માં જયંતિભાઈ તથા તેમના કાકાના દિકરા કમલેશભાઈ રૂ.૧૩ હજાર આપવા ગયા હતા. પરંતુ રમેશભાઈએ લીધા ન હતા. અને જમીનનનો કબ્જો સોંપવાની ના પાડી હતી. આ જમીનના બે વર્ષમાં કબ્જો સોંપવાની વાત કરી હોવા છતાં જમીનનો સતત ભોગવટો રાખ્યો હતો. આ ઉપરાંત ઉપજ પણ મેળવતા હતા. આ જમીનનો કબ્જો સોંપવા તથા પૈસા લઈ કહેતા રમેશે આવતા વર્ષે અખાત્રીજ પર કબ્જો છોડીશુ અને પૈસા લઈ લેશુ. તેવી મૌખિક વાતો ગામના આગેવાનો વચ્ચે કરી હતી. આખરે આ અંગે કલેક્ટરમાં ફરિયાદ કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. વિરપુર પોલીસે જયંતિભાઈની ફરિયાદના આધારે રમેશભાઈ માનાભાઈ સામે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# મહિસાગરના કડાણા તાલુકાના અનુપુર ગામ ખાતે મેરા યુવા ભારત નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન અંતર્ગત ભગવાન બિરસા મુંડા ની ૧૫૦ ની જન્મ જયંતી નિમિત્તે જનજાતિય ગૌરવ દિવસ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,

નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન (યુવા કાર્યકમ અને ખેલ મંત્રાલય, Govt of India (ભારત સરકાર) દ્વારા મહીસાગર જીલ્લાના અનુપુર ગામ ખાતે આજરોજ મેરા યુવા ભારત -મહીસાગર અંતર્ગત ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ, જનજાતિય ગૌરવ દિવસ તરીકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને પોલીસ સ્ટાફ અને સરપંચનું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ કાર્યકમમાં કડાણા તાલુકાના પોલીસ સ્ટેશનના સ્ટાફ તથા માળ પંચાયતના સરપંચ અને ગામના ભાઈઓ અને બહેનો તથા વડીલો અને યુવાનો હાજર રહ્યા હતા.

પોલીસ સ્ટાફ દ્વારા ભગવાન બિરસા મુંડાનું વ્યાખ્યાન આપવામાં આવ્યું અને કડાણા તાલુકાના બ્લોક યુથ કોર્ડીનેટર અને યુનાઈટેડ મહીસાગર યુથ ક્લબ ના પ્રેસિડેન્ટ રાષ્ટ્રીય સેવા કર્મી જીગરકુમાર ભોઈ દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.



# લુણાવાડા અને ખાનપુર તાલુકા પ્રાથમિક સ્કુલ ટીચર્સ ક્રે.સોસા.ની ચુંટણી યોજાઈ

લુણાવાડા,


ધી લુણાવાડા અને ખાનપુર તાલુકા પ્રાથમિક સ્કુલ ટીચર્સ કો.ઓ.ક્રેડિટ સોસાયટીની ચાર વોર્ડની ચુંટણી યોજાઈ જેમાં ટેની ચુંટણી યોજાઈ હતી. જેમાં કુલ ૧૫૦ મતનુ મતદાન થયુ હતુ. મતદાન બાદ મત ગણતરીમાં શિક્ષક સંઘ પ્રેરિત વિપુલભાઈ આર.પટેલને ૯૬ મત મળ્યા હતા. જયારે પ્રાથમિક શૈક્ષિક મહાસંઁના જિલ્લા મહામંત્રી અને તાલુકા અદયક્ષ પ્રદિપભાઈ એ.પટેલને ૫૪ મત મળ્યા હતા. આમ વિપુલભાઈ આર.પટેલનો ૪૨ મતે ભવ્ય વિજય નોંધાતા શિક્ષક આલમમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. કુલ ચાર વોર્ડની ચુંટણી યોજાઈ હતી જેમાં ત્રણ વોર્ડમાં શિક્ષક સંઘ પ્રેરિત અમીતકુમાર વાલજીભાઈ પટેલ, શર્મિષ્ઠાબેન બાબુભાઈ પટેલ અને હર્ષદકુમાર શાંતિલાલ પટેલ બિનહરીફ ચુંટાયા હતા.

# વિરપુરના દાંતલા ગામે ત્રણ મકાનોમાં શોર્ટ સર્કિટથી આગ

વિરપુર,

દાંતલા ગામના પટેલ ફળિયામાં આવેલ ભીખાભાઈ મણીભાઈ પટેલ અને સંગીતાબેન રાજેન્દ્રભાઈ પટેલના મકાનમાં એકાએક આકસ્મિક આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. એક મકાનમાં લાગેલી આગ આસપાસના મકાનોમાં ફેલાઈ હતી. જેથી ત્રણ મકાનોને ઝપેટમાં લઈ લીધા હતા. અગ્નગોળામાં પરીવર્તીત થઈ ગયેલા મકાનોમાં ઘરની ઘરવખરી સહિત ઘાસચારો સહિતનો સરસામાન ભસ્મિભુત થઈ ગયો હતો. સ્થાનિકોના જણાવ્યાનુસાર આગ ખુબ ઝડપથી ફેલાઈ હતી જેના કારણે ઘાસચારો સહિતની ચીજવસ્તુઓ બહાર કાઢી શકયા ન હતા. મકાનમાં આગ લાગ્યાની જાણ ગ્રામજનોને થતાં તાત્કાલિક આવી પહોંચી આગ બુઝાવવાનો પ્રયત્નો હાથ ધર્યા હતા. પ્રયાસ છતાં આગ ઉપર કાબુ ન મેળવાતા આખરે ફાયર બિગ્રેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બિગ્રેડના જવાનો દ્વારા ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતની ઘટનામાં ત્રણના મોત



દાહોદ,

દાહોદ જીલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બનેલા બે બનાવોમાં ત્રણ વ્યકિતઓના મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ગત તા.૧૬મી નવેમ્બરના રોજ લીમખેડાના વટેડા ગામેથી પસાર થતાં અમદાવાદથી ઈન્દૌર તરફ જતાં હાઈવે રોડ પર બનવા પામ્યો હતો જેમાં લીમખેડાના ભુરીયા ફળિયામાં રહેતાં સુનિલભાઈ વાઘાભાઈ ભુરીયા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પસાર થઈ રહ્યાં હતા, તે સમયે એક ટ્રેલરના ચાલકે પાછળના ભાગેથી ટક્કર મારતાં સુનીલભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેને પગલે સુનીલભાઈ શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને પરિવારજનો દ્વારા તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન સુનીલભાઈનું મોત નીપજતાં આ સંબંધે બીપીનભાઈ કસનાભાઈ રાવતે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ગરબાડાના દેવધા ગામેથી પસાર થતાં દાહોદ નેશનલ હાઈવે પર ગત તા.૧૬મી નવેમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં દાહોદ જીલ્લાના ધાનપુરના કાળાખુંટ ગામે રહેતાં રાકેશભાઈ સબુરભાઈ નિનામા, અજમલભાઈ ભારતાભાઈ પરમા, બાબુભાઈ ભારતાભાઈ ભુરીયા, સુમલભાઈ ભરતભાઈ ભુરીયા, ગોવિંદભાઈ અરવિંદભાઈ ભુરીયા તથા ભાવસીંગભાઈ જંગલસિંહ પરમારનાઓ એક ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ પસાર થઈ રહ્યાં હતાં ત્યારે રાકેશભાઈ સબુરભાઈ નિનામાએ પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં દેવધા ગામે દાહોદ નેશનલ હાઈવે રોડ પર રસ્તાની સાઈડમાં આવેલ એક ઝાડ સાથે ફોર વ્હીલર ગાડી ધડાકાભેર અથડાવતાં ગાડીનો કચ્ચરઘાણવળી ગયો હતો. જેને પગલે ગાડીમાં સવાર ઉપરોક્ત વ્યકિતઓ પૈકી ગાડીના ચાલક રાકેશભાઈ સબુરભાઈ નિનામા તથા ભાવસીંગભાઈ જંગલસિંહ પરમારને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા તેમજ પરિવારજનો ઉમટી પડયાં હતાં. માર્ગ અકસ્માતમાં રાકેશભાઈ તથા ભાવસીંગભાઈનું મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. જયારે અન્ય ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં.

આ સંબંધે સબુરભાઈ દલાભાઈ નિનામાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝ પર દરોડા, આઠ કંપનીઓના રૂ. ૪૯૩ કરોડના શંકાસ્પદ બિલ મળ્યા

સુરત

રાજયના જીએસટી વિભાગની ટીમે તાંબાના વ્યવસાય સાથે સંકળાયેલી સુરત, રાજકોટ, ભરૂચ, જૂનાગઢ, ભાવનગર, વાપી વગેરેમાં કાર્યરત ૧૪ પેઢીઓના ધંધાકીય સ્થળ પર રાજયવ્યાપી દરોડા પાડ્યા હતા. સંદીપ વિરાણી (ઉમરા)ની મોડી સાંજે સીજીએમ કોર્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી અને સંડોવણીનો પર્દાફાશ થયાના ત્રણ દિવસ પહેલા રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો. આરોપી સંદીપ વિરાણીએ એમ. ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝમાં પાંચ બનાવટી પેઢીઓના નામે રૂ. ૧૦૮ કરોડના નકલી ખરીદીના બિલો બનાવીને ઈનપુટ ટેક્સ ક્રેડિટના ૧૯.૪૫ કરોડ રૂપિયા સરકારી તિજોરીમાંથી ખર્ચ્યા હતા.

આજે આરોપી સંદીપ વિરાણીના રિમાન્ડ પૂરા થયા બાદ સ્ટેટ જીએસટી વિભાગના તપાસ અધિકારી અરુણકુમાર એસ. કાલરાએ કોર્ટ સમક્ષ રિમાન્ડ દરમિયાન આરોપીની વધુ ૧૧ દિવસની કસ્ટડીમાં પૂછપરછ કરવાની માંગ કરી હતી. આઠ નવી પેઢીઓમાંથી કુલ રૂ. ૪૯૩ કરોડની ખરીદીના વ્યવહારો પણ શંકાસ્પદ જણાયા હતા, જેથી સરકારે સમગ્ર કૌભાંડની તપાસ માટે વધુ પૂછપરછ માટે આરોપીઓને સોંપવા જણાવ્યું હતું. બનાવટી પેઢીઓ સાથેના વ્યવહારોની તપાસ કરવામાં આવી હતી જેમાં પાંચ નકલી પેઢીના નામે નકલી બિલના આધારે કુલ રૂ. ૧૯.૪૫ કરોડના ધિરાણની તપાસ કરવામાં આવી હતી, આ સિવાય ઈ-વે બિલ કોણે તૈયાર કર્યા હતા, કોણે બેંક સાથે નાણાકીય વ્યવહારો કર્યા હતા. ટ્રાન્ઝેક્શન વિશે પૂછપરછ કરવામાં આવી હતી અને બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવાની સૂચના કોણે આપી હતી. કોર્ટે આરોપીના બચાવ પક્ષના વકીલ કેતન રેશમવાલાની દલીલો ગ્રાહ્ય રાખી આ અંગે તપાસ કરવા માટે ૧૧ દિવસની વધારાની કસ્ટડીની માંગણી મંજૂર કરી હતી.

આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ પાંચ નકલી પેઢીઓના નામે નકલી બિલિંગ કૌભાંડ બાદ સુરતની એમ. ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝના આરોપી ભાગીદાર સંદીપ અનવર વિરાણીની કરોડો રૂપિયાની ક્રેડિટ્સ સ્થાપવાની શંકાના આધારે વધુ ત્રણ દિવસ કસ્ટડીમાં પૂછપરછ કરવામાં આવશે. વધુ આઠ કંપનીઓના નામે ૪૯૩ કરોડ રૂપિયાના શંકાસ્પદ ખરીદીના વ્યવહારો કરવામાં આવ્યા છે. પાંચેયના નાણાકીય વ્યવહારોની સમગ્ર મની ટ્રેલની ચકાસણી કરવામાં આવશે. રજી વિભાગ દ્વારા બેંકમાંથી માંગવામાં આવેલી નકલી પેઢીઓ હજુ સુધી મળી નથી.

આ ઉપરાંત જીએસટી વિભાગે ડેટા ફોરેન્સિક નિષ્ણાતોની મદદથી ઊંડી તપાસ હાથ ધરી છે જેમાં મોટી માત્રામાં કોલ, કોન્ટેક્ટ, ફાઈલ્સ, મેસેજિંગ એપ્સ અને અન્ય વિગતો મળી આવી છે. સમગ્ર કૌભાંડમાં આરોપી સંદીપ વિરાણી ઉપરાંત ગુજરાત રાજય અને આંતરરાજય સિન્ડિકેટની તપાસ કરવામાં આવશે, જેમાં સંદીપ વિરાણી સિવાય કયા ભાગીદારોનો સમાવેશ થાય છે. કેટલાક કારણોસર રાજ્ય જીએસટી વિભાગથી દૂર રહી રહ્યું છે. આ સમગ્ર કૌભાંડ પાછળ બેંક કર્મચારીઓ અને અધિકારીઓનો પણ હાથ હોવાનું બહાર આવી રહ્યું છે, એ વાતને નકારી શકાય તેમ નથી કે નકલી કંપનીઓએ મધ્યમવર્ગ કે મજૂર વર્ગના લોકોના ઓળખ પત્રના આધારે કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો કર્યા છે.

# સુરત પોલીસને મળી મોટી સફળતા, ૧.૫ કરોડનું ડ્રગ્સ જપ્ત, ૫ આરોપીઓની ધરપકડ



સુરત

ગુજરાતના સુરતમાં બે અલગ-અલગ જગ્યાએથી આશરે રૂ. ૧.૫ કરોડની કિંમતનો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે, સુરત શહેરમાં બે જગ્યાએથી 'મેફેડ્રોન' ડ્રગ ઝડપાયું હતું. આ ઉપરાંત ૫ લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમની ગેંગ વિશે માહિતી મેળવવામાં આવી રહી છે.

પોલીસે જણાવ્યું હતુ કે પેટ્રોલિંગ દરમિયાન, સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓએ હજીરા-સયાન રોડ પર બાઈક ચલાવી રહેલા તામીર શેખ (૨૦) અને સાહિદ દિવાન (૧૯) નામના બે વ્યક્તિઓ પાસેથી ૯૭૪ ગ્રામ મેફેડ્રોન જપ્ત કર્યો હતો. તેની અંદાજિત કિંમત ૧ કરોડ રૂપિયા છે. પોલીસે જણાવ્યું કે બંને આરોપીઓએ ભાગવાનો પ્રયાસ કર્યો અને એક ખેતરમાં છુપાઈ ગયા, પરંતુ લગભગ ૬ કલાકના સર્ચ ઓપરેશન પછી પકડાઈ ગયા.

સંબંધિત કેસમાં, ૫૫ લાખ રૂપિયાની કિંમતનો ૫૫૪ ગ્રામ મેફેડ્રોન જપ્ત કરવામાં આવ્યો હતો અને વધુ ૩ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તેણે આ ડ્રગ મુંબઈથી ખરીદી હતી. અધિકારીએ ૩ની ઓળખ ઈરફાખાન પઠાણ, મોહમ્મદ રફીક અને અસ્ફાક કુરેશી તરીકે કરી છે. પોલીસે જણાવ્યું હતું કે ૫ સામે કેસ નોંધવામાં આવ્યો છે અને દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ કરવા તપાસ ચાલી રહી છે.

અગાઉ એજન્સીઓ દ્વારા સંયુક્ત ઓપરેશનમાં, પોરબંદરની આસપાસ ગુજરાતના દરિયાકાંઠે ભારતીય જળસીમામાં આશરે ૭૦૦ કિલો માદક પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હતો અને ઈરાની હોવાનો દાવો કરતા ૮ વિદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ઓપરેશન એનસીબી, નેવી અને ગુજરાત પોલીસની એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું હતું. દઝમ અધિકારીઓના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલ મેથામ્ફેટામાઈન, જે સિન્થેટિક રિક્રિએશનલ ડ્રગ છે, તેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૨,૫૦૦-૩,૫૦૦ કરોડ રૂપિયાની વચ્ચે હોઈ શકે છે.જણાવી દઈએ કે, આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ ૩,૪૦૦ કિલો વિવિધ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થો જપ્ત કરવામાં આવ્યા છે, જેના કારણે અત્યાર સુધીમાં ત્રણ કેસમાં ૧૧ ઈરાની અને ૧૪ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે.

# સોમનાથઃ કોળી સમાજની જગ્યાને દૂર કરવાના મામલામાં વિમલ ચુડાસમાનો વિરોધ

સોમનાથ

સોમનાથ નજીક વેણેશ્વર મહાદેવ મંદિર નજીક આવેલી જગ્યામાં કોળી સમાજની જ્ઞાતિની વાડી રામદેવપીર મહારાજનું મંદિર અને અહીં એક ગૌશાળાનું સંચાલન કોળી સમાજ દ્વારા કરવામાં આવી રહ્યું હતું. ત્યારે વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા આ જગ્યા ગેરકાયદેસર છે અને તેને ખાલી કરી દેવાની છે. તેવી સ્થળ તપાસ બાદ ધારાસભ્ય વિમલ ચુડાસમા સ્થળ પર પહોંચ્યા હતા. સમગ્ર મામલામાં સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ તંત્રની આ પ્રકારની નીતિનો ભારે વિરોધ કરીને ટ્રસ્ટ દ્વારા તેમને આપવામાં આવેલી જમીન કાયદેસર છે તેવો દાવો કર્યો છે.

સોમનાથ નજીક વેણેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલી કોળી સમાજની જ્ઞાતિની જગ્યા પર રામદેવપીર મહારાજનું મંદિર અને અહીં જ ગૌશાળા બનાવવામાં આવી છે. આ જગ્યા હવે કોળી સમાજ અને વહીવટી તંત્ર વચ્ચે વિવાદનું કેન્દ્ર બની રહી છે. પાછલા કેટલાક દિવસોથી નગરપાલિકાના કર્મચારી અને અધિકારીઓ દ્વારા આ જગ્યા ખાલી કરવામાં આવે તેવી સ્થળ તપાસ પર પર હાજર કોળી સમાજના વ્યક્તિને જણાવ્યું હતું. સમગ્ર મામલામાં હવે આ વિસ્તારના સ્થાનિક કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ મેદાનમાં આવ્યા છે તેમણે નગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સોમનાથ ટ્રસ્ટ દ્વારા ૧૯૯૩માં કોળી સમાજને આપવામાં આવેલી જગ્યાને લઈને દાવો કર્યો છે અને જિલ્લા વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા ખોટી રીતે રામદેવપીર મહારાજનું મંદિર અને ગૌશાળાને હટાવવાની જે પેરવી કરવામાં આવી રહી છે તેનો વિરોધ કર્યો છે.વેણેશ્વર મહાદેવ મંદિર નજીક આવેલી કોળી સમાજની જગ્યાનો મામલો આગામી દિવસોમાં વધુ પેચીદો બની શકે છે. હાલ તો સ્થાનિક ધારાસભ્ય વિમલ ચુડાસમા દ્વારા સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા ૧૯૯૩માં આ જમીન કે જેને આજે ખાલી કરાવવા માટે તંત્રના અધિકારી અને કર્મચારીઓ આવી રહ્યા છે. તેને કોળી સમાજને આપી છે. તેના દસ્તાવેજી પુરાવા પણ કોળી સમાજ પાસે છે. તેઓ દાવો કોંગ્રેસના સ્થાનિક ધારાસભ્ય વિમલ ચુડાસમા કરી રહ્યા છે. તેની વચ્ચે વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના ચીફ ઓફિસર ચેતન કુડિયાએ આ મામલામાં કંઈ પણ કહેવાનો ઈનકાર કર્યો છે. જેને લઈને હવે આગળ દિવસોમાં આ જગ્યા પર તંત્ર દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવે છે કે કેમ. જો કોળી સમાજ સમગ્ર જગ્યાને લઈને સોમનાથ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલું કોઈ પણ લેખિત બાહેધરીપત્ર રજૂ ન કરી શકે તો આવનારા દિવસોમાં આ જગ્યા પર પણ ડિમોલેશન હાથ ધરાય તેવી પણ શક્યતાઓ છે.

# રાજકોટમાં સરકારી અનાજમાં ભ્રષ્ટાચારનો સડો, રાજ્યસભા સાંસદે અધિકારીનો ઉધડો લીધો

રાજકોટ

સરકારી અનાજમાં સડો એ કંઈ નવી વાત નથી. અનેક જગ્યાએથી સડેલા અનાજની ફરિયાદો છાશવારે સામે આવતી રહે છે. ત્યારે હવે સરકારી અનાજની ગુણવત્તા સામે ખુદ રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાએ જ સવાલ ઉઠાવ્યા છે. રામ મોકરિયાએ કલેકટરને સડેલા સરકારી અનાજના સેમ્પલ પણ પુરાવા તરીકે આપ્યા અને સરકારી અનાજમાં લોલમલોલ મુદ્દે રામ મોકરીયા રીતસરના અધિકારી પર બગડ્યા હતા. સાંસદે રોકડુ પરખાવ્યુ કે મોદી સરકારમાં આવુ બધુ નહીં ચાલે.

રામ મોકરીયાનો દાવો છે કે સરકારી અનાજ, સડેલુ હોય છે, તેમાં ભેળસેળ હોય છે, કાંતો પછી અનાજનું ગુણવત્તા હલકી હોય છે. દાવો એ પણ છે કે સડેલું અનાજ ખાઈને નાગરિકો બીમાર પડે છે. રાજ્યસભાના સાંસદની રજૂઆત બાદ કલેકટરે સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા છે. રામ મોકરીયાની માગ છે કે સમગ્ર મામલે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ અને લોકોને સારૂ અનાજ મળવું જોઈએ.

હાલ સાંસદની બાદ ખરાબ સડેલા અનાજ માટે કલેકટરે તપાસના આદેશ આપ્યા છે. કલેકટરે કહ્યું છે કે સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરાશે.

આ અગાઉ પણ રામ મોકરીયાએ પોતાની જ સરકાર સામે જાહેરમાં હૈયાવરાળ ઠાલવી હતી. રાજકોટ ટ્રેન શરૂ કરવા મામલે કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવના વલણ સામે તેમણે જાહેરમાં નારાજગી દર્શાવી હતી. રાજકોટ માટે જાહેર કરવામાં આવેલી ટ્રેનો શરૂ જ ન થતી હોવાની સાંસદે વ્યથા વ્યક્ત કરી છે.રામ મોકરિયાએ કહ્યું છે કે ટ્રેનોની જાહેરાત થાય છે પણ શરૂ નથી થતી. રાજકોટમાં અગાઉ જાહેર કરેલી ૬ ટ્રેન શરૂ કરવા તેમણે રજૂઆત કરી હતી.. તત્કાલિન રેલવેમંત્રી દર્શનાબેન જરદોષે ટ્રેનની જાહેરાત કરી હતી પરંતુ તેમાંથી હજુ સુધી એકપણ ટ્રેન શરૂ નથી થઈ. રામ મોકરિયાના દિલનું દર્દ શબ્દોમાં બહાર આવી ગયુ કે જાહેર કરેલી આ ટ્રેન વહેલી શરૂ કરાવો પત્રકારો મને ટોણા મારે છે. સાથે જ તેમણે નેશનલ હાઈવે પર ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે ટ્રેન શરૂ કરવા પણ ટકોર કરી.

# આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

વૃષભઃ આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્કઃઆજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલાઃ આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિકઃ આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધનઃ આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકરઃ આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભઃ આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીનઃ આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

# દાહોદ નેતાજી બજાર વિસ્તારમાં ડિમોલેશનના દુકાનના ઓટલા અને ફુટપાથના બ્લોક તોડી નાખતાં પાલિકાની કામગીરી સામે સવાલ

દાહોદ,

દાહોદ શહેરમાં સ્માર્ટ સીટીની કામગીરી આંખે વળગીને ઉડે તેવી જોવા મળી નથી. ત્યારે તંત્ર દ્વારા પુનઃ એકવાર શહેરના કેટલાંક હાર્દ સમા એવા વિસ્તારોમાં ડિમોલેશનના નામે દુકાનના ઓટલાઓ, ફુટપાટના બ્લોક વિગેરે તોડી પડાતાં નાના વેપારીઓને પડતા ઉપર પાટુ જેવો પુનઃ ઘાટ સર્જાયો છે. આવા સમયે દાહોદ નગરપાલિકાની કામગીરી સામે પણ લોકો અનેક સવાલો ઉઠવા રહ્યાં છે.

છેલ્લા કેટલાંય દિવસોથી દાહોદમાં વિવિધ વિસ્તારોમાં રસ્તા બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે, તો એના કારણે પ્રજાજનો ટ્રાફિક અને ધૂળની સમસ્યાથી ત્રસ્ત બન્યા છે, તો બીજી તરફ દાહોદના ધમધમતા વેપારી વિસ્તાર નેતાજી બજારમાં માત્ર દોઢ વર્ષ પહેલા ડિમોલેશન કાર્યક્રમ અંતર્ગત બધી દુકાનોના ઓટલા તોડી પાડવામાં આવ્યા હતા. જેને બાદમાં માપ મુજબ નાના કરી વેપારીઓએ ફરીથી લાખો રૂ.ના ખર્ચે નવા બનાવ્યા હતા. એ વાતને માંડ એક વર્ષ થયું ત્યાં તો ફરીથી સ્માર્ટ સિટી કાર્યવાહી અંતર્ગત તંત્ર દ્વારા ફરીથી



નેતાજી બજારની બધી દુકાનોના ઓટલાં તોડી પડાયા છે તો એ જ અરસામાં રસ્તા વચ્ચે બનાવેલ રોડ ડિવાઈડર પણ તોડી પડાયું છે. હાલમાં બજારમાં સતત ઉડતી ધૂળ અને અંધાધૂંધ ટ્રાફિક જેવી જબરજસ્ત વિટંબણાઓ સર્જાઈ રહી છે. ‘ખાટલે મોટી ખોડ’ની જેમ વેપારીઓને પડતી આવી તકલીફ વેળા એક પણ નગરસેવક કે ટ્રાફિક પોલીસ નજરે નથી ચડતાં. તો બીજી તરફ દાહોદના એમ.જી.રોડ ઉપર પણ કસ્બા વિસ્તારની બહારના ભાગે માત્ર બે માસમાં જ ત્રીજી વખત મસમોટો ખાડો કરી પુનઃ સમારકામ હાથ ધરાતા દાહોદનો મુખ્ય માર્ગ ગણાતો એમ.જી.રોડ પણ કસ્બા પાસેથી બંધ કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરના પડાવ વિસ્તારમાં એકાદ વર્ષ પહેલા ફુટપાટના વિસ્તારમાં નવા નક્કોર બ્લોક નાંખવામાં આવ્યાં હતાં ત્યારે આ ફુટપાટના બ્લોકોને પણ ઉખેડી નાંખી કામગીરી કરવામાં આવી રહી છે. લાખ્ખોનો ખર્ચો કરી વિકાસના કામો કરવામાં આવ્યાં બાદ તેજ નાણાંનો જાણે દુરઉપયોગ કરી કામગીરી પર બુલડોઝર ફેરવી દેવાતાં સરકારના નાણાં વેડફાટ કરવામાં આવી રહ્યો હોવાની પણ શહેરીજનોમાં બુમો ઉઠવા પામી છે. દાહોદ શહેરમાં સ્માર્ટ સીટીના નામે માત્રને માત્ર રસ્તાઓ પહોળા કરવાની કામગીરી તેમજ ઐતિહાસિક છાબના નવીનીકરણને બાદ કરતાં શહેરમાં સ્માર્ટ સીટીના નામે વર્ષો વિતી ગયાં પરંતુ કામગીરી કરવામાં ન આવતાં શહેરીજનોમાં અંદરો અંદર ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. શહેરવાસીઓ એક તરફ પ્રાથમીક સુવિધાઓથી તો વંચિત છે પરંતુ તેની સાથે સાથે હવે દાહોદ શહેરમાં વેપાર, ધંધાઓની પણ કમર તુટી જતાં લોકોને જીવન નિર્વાહ કરવું પણ મુશ્કેલ બની ગયું છે. શહેરમાં દોઢેક વર્ષ પહેલા ડીમોલેશનની કામગીરી પગલે નાનાથી લઈ મોટા વેપાર ધંધાઓ બુલડોઝર ફરી વળતાં વેપારીઓના રોજગાર, ધંધાઓ ભોય તળીયે સરકી ગયાં છે. વેપારીઓ દ્વારા તંત્રને તેમજ રાજકીય પક્ષો સમક્ષ પોતાને વૈકલ્પીક વ્યવસ્થા ઉભી કરી આપવામાં આવે તે માટે પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી હતી પરંતુ તે રજુઆતો પણ જાણે કચરાના ડબ્બામાં નંખાઈ ગઈ હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. વેપારીઓની રજુઆતોને પણ કોઈ દયાન આપતું નથી. જેથી વેપારીઓમાં પણ અંદરો અંદર તંત્રની કામગીરી સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આમ, દાહોદના પ્રજાજનો બધી બાજુથી ધૂળ અને ટ્રાફિકની સમસ્યાથી પીસાઈ ગયા છે અને કોઈ રણીધણી નથી તેમ લાગી રહ્યું છે.

# દાહોદ નકલી એન.એ. હુકમની તપાસમાં ૮૫ માંથી ૭૬ સર્વે નંબર નકલી હુકમથી બિનખેતી કરાયા

દાહોદ,

દાહોદ શહેર તેમજ આસપાસના ગામોમાં નકલી એનએ હુકમથી જમીન બિનખેતી કરવાના પ્રકરણમાં બાકી બચેલા સર્વે નંબરોની તપાસ ચાલી રહી હોવાથી તોફાન પહેલાની શાંતિ છે. પરંતુ બાકી ૮૫ માંથી આખા ૭૪ સર્વે નંબરો નકલી હુકમના આધારે બિનખેતી કરાયા હોવાનું કલેક્ટરે બનાવેલી સમિતિની તપાસમાં ઘટસ્ફોટ થયો છે. ૮૫ સર્વે નંબરમાં સંદિગ્ધ તરીકે નાખી દેવાયેલા ૯ સર્વે નંબર સાચા હોવાનું સામે આવ્યુ છે. તપાસ દરમિયાન તાલુકા પંચાયત અને સિટી સર્વેના નકલી હુકમો મળી આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ શહેર અને તેના આસપાસના ગામોમાં નકલી હુકમોના આધારે જમીન બિનખેતી કરવાના કૌભાંડમાં ૨૧૯ શંકાસ્પદ સર્વે નંબરોમાંથી ૧૩૪ સર્વે નંબર મામલે જુદા- જુદા ચાર ગુના દાખલ થઇ ચૂક્યા છે. બાકી બચેલા ૮૫ સર્વે નંબરોના કાગળો જ મળતાં ન હોવાની વાતને લઇને ભારે ખળભળાટ મચ્ચો હતો. ત્યારે કલેક્ટર યોગેશ નિરગુડે દ્વારા આ સર્વે નંબરોના કાગળોની તપાસ માટે પ્રાંત અધિકારીની અદયક્ષતામાં પાંચ લોકોની સમિતિની રચના કરી હતી. આ સમિતિની તપાસ દરમિયાન ૮૫માંથી માત્ર ૯ સર્વે નંબરો ખરી પ્રોસેસથી એનએ થયા હોવાનું સામે આવ્યુ હતુ જયારે બાકીના ૭૬ નકલી હુકમના આધારે એનએ કરાયા હોવાનું જાણવા મળ્યુ છે. નકલી સર્વે નંબરોમાં તાલુકા પંચાયત સાથે સિટી સર્વેના પણ ખોટા હુકમો તપાસ દરમિયાન સામે આવ્યા છે. ત્યારે આ પ્રકરણમાં આગામી દિવસોમાં પણ ધરપકડનો દોર શરૂ થાય તમ જોવાઈ રહ્યુ છે.

**સમિતિ હવે પોલીસને સર્વે નંબરોનું લિસ્ટ આપશે.**

પાંચ સભ્યોની સમિતિમાં ૮૫ માંથી ૭૬ સર્વે નંબરો ખોટા હુકમના આધારે એનએ કરાયા હોવાનું સામે આવ્યું છે. ત્યારે આગામી દિવસોમાં સમિતિ પોલીસને આ સર્વે નંબરોનું લિસ્ટ આપશે. આ લિસ્ટ આપ્યા બાદ તાલુકા પંચાયત અને સિટિ છે. સર્વે કચેરીના ખોટા હુકમો મામલે દાખલ થયેલા ગુનામાં આ નંબરોનો ઉમેરો કરવાનો કોર્ટમાં રિપોર્ટ કરવામાં આવશે ત્યાર બાદ તેમાં શામેલ લોકોની ધરપકડ કરાય તેમ જોવાઈ રહ્યુ છે.

સમિતિની તપાસમાં નવ સર્વે નંબરો સાચા નિકાળ્યા છે. તે સિવાયના તમામ નંબરો સંધિગ્ઘ છે. પોલીસને સર્વે નંબરોનું લિસ્ટ સોંપવામાં આવશે.

**નિરગુડે ,કલેક્ટર,દાહોદ.**

# ઓરવાડા સુનિલ પટેલ શહીદ સ્મારક ગ્રાઉન્ડ ખાતે ગ્રામીણ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું



ગોધરા,

ગોધરા તાલુકાના ઓરવાડા ગામ ખાતે વીર શહિદ સુનિલ પટેલ સ્મારક ગ્રાઉન્ડ ખાતે આયોજીત ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટ માં પંચમહાલ, દાહોદ, મહીસાગર જીલ્લાઓના ખેલાડીઓ અલગ અલગ ભાગ લીધો છે. આમ, કુલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૩૨ ટીમોએ ભાગ લીધો છે. આ કાર્યક્રમ મુખ્ય મહેમાન દેવગઢ બારીયા, વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય તુષારસિહ બાબા સૌપ્રથમ વીર શહીદ સુનિલપટેલ સ્મારકને ફૂલ માળા ચડાવી હતી.જેમાં પંચમહાલ જીલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન એ.બી.પરમાર, તાલુકા પંચાયત સદસ્ય નયનાબેન પટેલ, સરપંચ પીન્ટુ ભાઈ, તેમજ આયોજક મિત્રો ગ્રામજનો વિશેષ ઉપસ્થિત રહી સૌ પ્રથમ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગામ સરસાવ તેમજ કેવડિયા બંને ટીમોથી એ શુભ શરૂઆત કરવામાં આવી હતી.

# દે.બારીયા શહેરમાં એમ.જી.વી.સી.એલ.ના દ્વારા દિવસમાં કયા કારણે વિજ પ્રવાહ બંધ કરવામાં આવી રહ્યો છે ???

દે.બારીયા,

દે.બારીયામાં આમ તો સાપ્તાહિક મેન્ટેનન્સ કાર્ય કરવામાં આવતો હોય તેમ છતાં વિજ પ્રવાહ સવારના આઠ વાગ્યા થી સાંજ ૬-૦૦ કલાક સુધીમાં ઓછામાં ઓછા ત્રણ વાર એક-એક કલાક વિજ પ્રવાહ બંધ રાખવામાં આવે છે શું ? આ અનધોષીત વીજ કાપ તો નથી તે એક વેધક સવાલ છે. ?

પ્રાપ્ત માહિતી અનુસાર પારેખ શેરી તથા કસ્બા જાની ફળીયા સુધીના વિસ્તાર કામો છેલ્લા પાંચ-સાત દિવસથી સવારથી તો સાંજના ૬-૦૦ કલાક સુધીમાં ત્રણ વખત વિજ પ્રવાહ બંધ થઈ જાય છે. તેમજ આ વિસ્તારની ડીપીમાં બોડ એટલે વિજ ઉપકરણના અભાવના કારણે લો વોલ્ટેજની સમસ્યા ખાસ્સી જુની છે. તેનો પણ નિકાલ થયો નથી. આમ તો આ વિસ્તારની આ આખે આખી હેવી પ્રવાહની વીજ લાઈનનું કાર્ય મુખ્ય કાર્યપાલક ઈજનેર ભુરીયાના સહયોગ દ્વારા થઈ ગયો છે. તે બદલ આભાર વ્યકત કરે છે. પરંતુ હાલમાં દિવસમાં ત્રણ કલાક સમય સમય નો વિજ પ્રવાહ બંધ કરવા પાછળ કારણ શું છે. તે કોઈ તો બતાવશે ખરાં ? હાલમાં નવા નિમણૂંક થયેલા નાયબ કાર્યપાલક ઈજનેર પટેલ આ સમસ્યાનું નિકારણ લાવે તેવી લાગણી સાથે માંગણી ઉઠવા પામી છે.

# આઝાદીના સાડા સાત દાયકા પછી પણ દાહોદ જીલ્લામાં શ્રાપ સાબિત થયેલ માઈગ્રેશનનો મુદ્દો યથાવત

દાહોદ,

દાહોદ જીલ્લામાં દિવાળીના તહેવારો પૂરા થતા જ બહાર મજૂરીએથી પરત માદરે વતન આવેલા ગ્રામ્ય વિસ્તારના આદિવાસી ભાઈઓ પોતાના કુટુંબ કબીલા સાથે પરત મજૂરીએ જવા લાગી ગયા છે અને થોડા દિવસ માનવ વસ્તીથી ભરચક બની ગયેલા જીલ્લાના ગામડાઓ પણ ફરી ભેકાર બનવા લાગ્યા છે.

આમ, તો દાહોદ જીલ્લાની આદિવાસી પ્રજામાં હોળીના તહેવારનું વિશેષ મહત્વ હોય છે. પરંતુ તેઓ દિવાળી કરવા પણ માદરે વતન આવતા હોય છે. દાહોદ જીલ્લાના આદિવાસીઓના કરમની એ કઠણાઈ છે કે, આઝાદીના સાડા સાત દાયકામાં ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવી અને છેલ્લા ૩૦ વર્ષથી ભાજપની સરકાર છે. પરંતુ આ બંને પક્ષના એક પણ માઈના લાલે દાહોદ જીલ્લામાં ઘર આંગણે ના તો રોજીરોટીના સ્ત્રોત ઊભા કર્યા કે ના તો સિંચાઈની કોઈ સુવિધા ઉભી કરી. જેના કારણે દાહોદ જીલ્લાના આદિવાસીને ખેતીની સિઝન બાદ પોતાનું તથા પોતાના પરિવારજનોના ભરણપોષણ માટે પોતાનું ખોરડું તેમજ ઢોર ઢાખર ભગવાન ભરોસે મૂકી રાજયમાં અન્યત્ર સ્થળાંતર કરવા મજબૂર થવું પડે છે.જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સંકલન સમિતિ સહિતની બેઠકોમાં પણ માઈગ્રેશનની સમસ્યાના મામલે અનેકાનેક વખત ચર્ચા વિચારણા તો જરૂર કરવામાં આવે છે તેમજ જીલ્લામાં માઈગ્રેશનનું પ્રમાણ ઘટાડવા વિવિધ સૂચનો પણ કરવામાં આવે છે પરંતુ તે તમામ સૂચનો હજી માત્ર કાગળ પર જ રહેવા પામ્યા હોવાનું હાલની સ્થિતિ જોતા ચરિતાર્થ થઈ રહ્યું છે. ચૂંટણીઓ આવે ત્યારે તમામ રાજકીય પક્ષો દ્વારા ઘર આંગણે રોજીરોટીના સ્ત્રોતો ઊભા કરવાના તેમજ માઈગ્રેશન નેસ્ત નાબૂદ કરવાના મોટા મોટા વાયદાઓ કરવામાં આવે છે અને તે બાબતે ઠાલા વચનો પણ આપવામાં આવે છે. અને ચૂંટણીઓ જતા જ આ વાયદાઓ અને વચનો પણ વિસરાઈ જાય છે. અને દાહોદ જીલ્લાનું ગરીબ આદિવાસી આ રીતે દર ચૂંટણી છેતરાય છે. પોતાને આદિવાસીઓના મસીહા કહેવડાવનારા તેમના માંથી જ આવતા નેતાઓ જ તેમને ચૂંટણી ટાણે ઠાલા વચનો આપી છેતરતા હોવાનું કહેવાય રહ્યું છે દાહોદ જીલ્લામાં માઈગ્રેશનના કારણે હાલમાં ચાલી રહેલી રેશનકાર્ડ ઈ- કેવાયસી ની કામગીરી પૂર્ણ કરવામાં મુશ્કેલી પડી રહી હોવાનું કર્મચારી -અધિકારીઓમાં ચર્ચા રહ્યું છે. દિવાળીનો તહેવાર કરવા પોતાના માદરે વતન આવેલા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના આદિવાસીઓનું દિવાળીનો તહેવાર પૂરો થતાં જ રાજયમાં અન્યત્ર મજૂરી કામે પરત જવાનું ચાલુ થઈ ગયું છે. રાજયમાં સત્તામાં બેઠેલા તેમના જ સમાજના બની બેઠેલા નેતાઓ ભાજપના સદસ્ય બનાવવાની કામગીરીમાં મન લગાવીને મહેનત કરી રહ્યા છે. તેવી મહેનત તેઓએ દાહોદ જીલ્લાના આદિવાસીઓ માટે ઘર આંગણે રોજીરોટીના સ્ત્રોત ઊભો કરવામાં કરી હોત તો આજે દાહોદના આદિવાસીને રોજી રોટી માટે ખોરડું અને ઢોર ઢાખર ભગવાન ભરોસે મૂકી માદરે વતન છોડી રાજયમાં અન્યત્ર મજૂરીએ જવા મજબૂર ન થવું પડત એ સનાતન સત્ય દરેક નેતાઓ સમજી લે તેવો સમયનો તકાજો છે.

# દે.બારીયાની કાપડી વિસ્તારમાં રહેણાંક મકાન માંથી ૧૦ કિલો ગૌમાંસનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ નગરમાં કાપડી વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં પોલીસને મળેત બાતમીના આધારે ઓચિંતી તપાસ હાથ ધરતાં રહેણાંક મકાનમાંથી પોલીસે ગૌમાંસનો જથ્થો કિંમત રૂા.૨૦૦૦નો કબજે કર્યાનું જયારે પોલીસને જોઈ બે ઈસમો નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૪મી નવેમ્બરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે દેવગઢ બારીઆ નગરમાં કાપડી પટેલ ફળિયામાં રહેતો તૈયબભાઈ ઐચુબભાઈ પટેલના રહેણાંક મકાનમાં પોલીસે ઓચિંતો છાપો મારતાં તેના રહેણાંક મકાનમાંથી પોલીસે ગૌવંશની ક્રુરતાપુર્વક કતલ કરીને તેનું માંસ પ્લાસ્ટીકની થેલીઓમાં તથા ટોપલીમાં કુલ જથ્થો ૧૦ કિલોગ્રામ કિંમત રૂા.૨૦૦૦નો ગૌવંશના માંસનો જથ્થો કબજે કરી તૈયબની સાથે સાથે આદમભાઈ મજીતભાઈ જેથરા ઉર્ફે આદમ લવારીયાવાળો (રહે. લવારીયા, તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ) નાઓએ એકબીજાની મદદગારીમાં ગૌવંશનું કલત કરી તેના માંસનું વેચાણ કરતાં હોવાનું પોલીસ તપાસમાં સામે આવતાં આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસે ઉપરોકત બંન્ને ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લા કલેકટર સહિતના અધિકારીઓએ સ્થળ મુલાકાત કરી ટાઢાગોળા ગામે પહોચી એરપોર્ટ સર્વે અંગે ગ્રામજનો સાથે મુલાકાત કરી

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના મોજે ટાઢાગોળા,શારદા,ગુલતોરા, છાયણ જેવા ગામોની જમીનમાં એરપોર્ટ માટે સર્વે કરવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે. જેમાં હાલમાં તા.૧૪/૧૫/૧૬/૧૧/૨૦૨૪થી એરપોર્ટ માટે જમીનનુ સર્વે ચાલુ કરવામાં આવ્યુ છે. જેમાં ચારેય ગામના ગ્રામજનોએ સખત વિરોધ કર્યા છે. જેમાં ચારૈય ગામોના ગ્રામજનો કોરીડોરના અશરગ્રસ્ત ખેડતો છે. સર્વે કરનાર આવેલ ટીમના અધિકારીઓએ ગ્રામજનોને માણસો ખોટી માહીતી આપવામાં આવી છે અને કહે છે કે, પાણીની પાઈપ લાઈનુ સર્વે છે. બધા ભેગા થઈને પુછવાથી કીધુ છે કે આ એરપોર્ટનું સર્વે છે. એવુ ગ્રામજનોને જાણવા મળતા ગ્રામજનો એકઠા થઈ. જીલ્લા કલેકટરને ત્રણ રજુઆત કરવામાં આવી હતી. જેને લઈ ગ્રામજનોની રજુઆતોને દ્યાને લઈ જીલ્લા કલેકટર સહિતના અધીકારીઓએ સ્થળ મુલાકાત લઈ ગ્રામજનો સાથે મુલાકાત લઈ આશ્વાશન આપ્યું હતું અને ગ્રામજનોની શંકાને દૂર કરતા દાહોદ જીલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, વધુમાં વધુ સરકારી જમીનનો ઉપયોગ કરવામાં આવશે તેમજ કોઈ પણ ખેતી કરતા ગ્રામજનોની જમીન બને ત્યાં સુધી નહીં જાય તેમજ અગર જરૂર પડશે તો ઓછામાં ઓછી જમીન સરકારને લેવી પડે તેવું આયોજન કરવામાં આવશે. તેવું આશ્વાસન દાહોદ જીલ્લા કલેક્ટર દ્વારા આપવામાં આવ્યું હતું.

# ગરબાડામાં નળ સે જલ યોજનાના લેબર કોન્ટ્રાકટરને આર્યાવર્ત ઈન્ફ્રાસ્ટકચર કંપનીએ કામ કરાવી નાણાંના ચૂકવી છેતરપિંડી કરી

ગરબાડા,

સરકાર દ્વારા શરૂ કરાયેલ નલ સે જલ યોજનાની કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે ગરબાડા તાલુકામાં AARYAVARAT INFRASTUCTER PVT.LTD દ્વારા ગરબાડા, ભિલવા, ગુંગરડી,ખારવા,ભિલોઈ તથા નવા ફળિયા ગામે નલ સે જલ યોજના અંતર્ગત પાઈપ લાઈનનું ખોદ કામ તથા પાઈપ ફિટીગનું કામ ગરબાડા ગામના લેબર કોન્ટ્રાકટર રતનભાઈ બદિયાભાઈ ડામોર દ્વારા કરવામાં આવ્યું હતું. જેનું કુલ લેબર બિલ ૮,૨૭,૩૨૦ રૂપિયા થયું હતું. જેમાંથી તેમને ૩,૬૬,૦૦૦ રૂપિયાનું ચુકવણું કરવામાં આવ્યું હતું અન્ય બાકી રહેલ રકમના ચેક હરદેવ કન્સ્ટ્રકશનના માલિક ઉર્વીશભાઈ



દ્વારા આપવામાં આવ્યા હતા. જે ચેક ખાતામાં રૂપિયા ના હોવાના કારણે ચેક બાઉન્સ થવા પામ્યા હતા જે બાદ રતનભાઈ એ કામગીરી બંધ કરી દીધી હતી. ત્યારબાદ કંપનીના મેનેજર રાકેશ ચૌધરી તથા હરદેવ કંપનીના માલિક ઉર્વીશભાઈ દ્વારા રૂપિયાનું ચુકવણું કરી દેવાની ખાતરી આપી વધુ કામ કરાવી લીધું હતું, પરંતુ લેબર કોન્ટ્રાકટર રતનભાઈને ચુકવણું કરવામાં ના આવતા તેના માથે ચિંતાનું આભ તુટી પડ્યું હતું માટે આર્થિક રીતે ત્રસ્ત ગરબાડા ના લેબર કોન્ટ્રાકટર રતનભાઈ દ્વારા જો વહેલી તકે તેમના કામનું ચુકવણું નહિ કરાય તો ટૂંક સમયમાં આ કંપની તેમજ હરદેવ કંસ્ટ્રકટશન ના માલિક ઉર્વીશભાઈ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવશે. તેમ છતાં જો કોઈ નિર્ણય નહીં આવે તો ગરબાડા પોલીસ મથકમાં જઈ આત્મવિલોપન કરશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

ત્યારે આ કંપની દ્વારા ગરબાડા, ખારવા, ભિલવા, ભિલોઈ ગામે કામગીરી ગોકળ ગતિએ કરવામાં આવી રહી છે. તેમજ પાણીના ટાંકા પણ અધૂરા મૂકી દેતા કામ ખોરંભે પડ્યું છે તથા જે પાઈપ નાખવામાં આવે છે, તે જયાં ત્યાં ફેંકેલી હાલતમાં જોવા મળી રહી છે અને જે જગ્યાએ મૂકવામાં આવી છે, તેનું પણ ભાડું ચૂકવવામાં આવ્યું નથી. તેમ જાણવા મળી રહ્યું છે તથા આ જગ્યાએ કોઈ ચોકીદાર પણ રાખવામાં આવ્યો નથી. જેના કારણે પાઈપ પણ ચોરાય જવાની શકયતાઓ છે. આમ, આ કંપની દ્વારા કામોમાં બેદરકારી પણ દાખવતા હોવાનું જોવા મળી રહ્યું છે.

# દેવગઢ બારીયાના ગુણા ગામે ડ્રોનની મદદથી ગાંજાની ખેતી ઝડપાઈ

દાહોદ

ગુજરાતમાં નશાનું વાવેતર કરવા પર પ્રતિબંધ હોવા છતા કેટલીક વાર આ પ્રકારના વાવેતર ઝડપાતુ હોય છે. ત્યારે દાહોદમાં પોલીસે નશાનું વાવેતર શોધી કાઢવા ડ્રોન ટેક્નોલોજીની મદદ લીધી છે.એસઓજી પોલીસે દેવગઢ બારીયાના ગુણા ગામે ડ્રોન કેમેરાની મદદથી ગાંજાની ખેતી ઝડપી પાડી છે. આ સાથે જ પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી તેમની સામે એનડીપીએસ એક્ટ અંતર્ગત ગુનો નોંધ્યો છે. ગુણા ગામના ગણિયા ફળિયાના ખેતરોમાં ગાંજાની ખેતી કરવામાં આવતી હતી.એસઓજીએ ગાંજાના અંદાજે ૧૬૯ કિલોના ૪૯૩ છોડ કબજે લઈ કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ આ અગાઉ અમદાવાદના મોટેરાના ચંપાવત ફાર્મ પાસે ગાંજો ઝડપાયો છે. ૧.૪૨ લાખની કિંમતનો ૧૪ કિલો ગાંજો જપ્ત કર્યો હતો. પોલીસે ૨ આરોપીની ધરપકડ કરીને રિમાન્ડ મેળવ્યા હતા. રાજસ્થાનથી કિશન રૈગર નામનો વ્યક્તિ ગાંજો લાવ્યો હતો. સુભાષબ્રિજ પાસે પ્રવીણ નામના વ્યક્તિને આપવાના હતા. અમદાવાદનો કમલેશ નામનો વ્યક્તિ ડિલીવરી લેવા ગયો હતો. કિશન નામના આરોપી સામે વાહન ચોરીનો પણ એક ગુનો નોંધાયેલો છે. હ્રજીન્ની મદદથી ચાંદખેડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઝાલોદ હુઠી કંકાસિયા રોડ પર નવા બનેલ ડિવાઈડરને અજાણ્યા વાહન ચાલક દ્વારા તોડી પડાયો

ઝાલોદ,

છેલ્લા કેટલાક દિવસથી હુઠી કંકાસિયા ચોકડી થી હનુમાનજી મંદિર જતા રસ્તા પર નગરપાલિકા દ્વારા નગરના રાહદારીઓ માટે પહોળો ડિવાઈડર વાળો રોડ બનાવવામાં આવેલ છે. જેથી રાત્રી કે દિવસ દરમ્યાન કોઈ અકસ્માત ન સર્જાય. આ માર્ગ પર આવેલ ડિવાઈડર હાલ કોઈ અજાણ્યો વાહન ચાલક તોડી ને જતો રહેલ છે. જેથી ડિવાઈડરનો એક ભાગ જાળી વાળો તૂટેલો અને લબડેલો જોવા મળી રહેલ છે, તેથી આવતા જતા રાહદારીઓને અકસ્માતનો ડર સતાવી રહેલ છે. સાંભળવા મળેલ વાતો મુજબ આ રસ્તાના ડિવાઈડર વચ્ચે થી મોટા વાહન પસાર થઈ શકતા નથી અને તેથી મોટા વાહનોને ફરવું હોય તો ડિવાઈડર પત્યા બાદ વળાંક લઈ જે તે જગ્યાએ જઈ શકે છે. તેથી આ ડિવાઈડરને અજાણ્યા વાહન ચાલક દ્વારા તોડી પાડવામાં આવેલ હોવાની વાતો



સાંભળવા મળેલ છે, પણ કોઈ વ્યક્તિએ જોયું નથી. તેથી ચોક્કસ આ વાતને માની શકાય તેમ નથી. જો આ માર્ગ પર સી.સી.ટી.વી કેમેરા હોત તો પાલિકા આ ડિવાઈડરને કેવી રીતે નુકશાન થયું તે ચોક્કસ તપાસી શકતી અને જે વાહન ચાલક દ્વારા ડિવાઈડરને નુકશાન કરેલ છે, તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકતી. હાલ તો અહીંથી નીકળતા રાહગીરો આ ડિવાઈડર રીપેર થઈ જાય તેવું ઈચ્છી રહેલ છે.

# દે.બારીયા શહેરના રાધે ગોવિંદ મંદિરના તરફ જવાના નવિન આર.સી.સી. નિર્માણધિન રોડમાં સ્ટીલ સળીયા કેમ વાપરવામાં આવતાં નથી ???

દે.બારીયા,

દે.બારીયા શહેર નગર પાલિકા હાલમાં વહિવટ સરકારી બાબુઓ થકી ચાલી રહ્યું છે. લગભગ દોઢ થી બે વર્ષથી હાલમાં નગર પાલિકાની ચુંટણીની પ્રક્રિયાના પડઘમના નગરા વાગી ચુકયા છે. માંડ ડીસેમ્બર-૨૦૨૪ સુધીમાં દે.બારીયા નગર પાલિકા બોડીની ચુંટણીની તારીખો પણ જાહેરાત થઈ શકે છે. તેના પહેલા જાણે બાબુઓના હાથ માંથી સત્તા છીણવાય જાય તે પહેલા લાગલગાટ રોડના કાર્યો પૂરજોશમાં શરૂ થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલમા દિવાળીના બાદ મેન પિપલોદ હાઈવે રોડ કુંજ બિહારી સોસાયટી સામેથી રાધે ગોવિંદ મંદિર તરફ જવાનો રોડનું નવિનીકરણનું કાર્ય હાથ ધરાયું છે. જેમાં હલકીકક્ષાનું મટીરીયલ્સનો ઉપયોગ થઈ રહ્યો છે. જેની મોનીટરીંગ પણ થતી નથી કેમ તે શા કારણે આર.સી.સી.રોડમાં મુખ્ય સ્ટીલના સળીયા રોડમાં વાપરવામાં આવતાં નથી શું ? આ મંદિર તરફ જાવના રોડમાંના ટેન્ડરમાં સ્ટીલના સળીયા વાપરવાનો ઉલ્લેખ થયો નહિ હોય તે મોટો સવાલ ઉપસ્થિત થયો છે. આ દેખરેખ વગરનું કાર્ય આંખ આડા કાન કરવા પાછળ કયો હેતુ છે ? તે જનતા પૂછી રહી છે. કોન્ટ્રાકટર કયા કારણે સ્ટીલ સળીયાનો આ નવિન રોડમાં ઉપયોગ લેતા નથી. જેથી ટેન્ડરની શરતો મુજબ નવિન નિર્માધીન રોડમાં તમામ મટીરીયલના બીલોની ચકાસણી થાય તેવી આમ જનતાની માંગ છે. જેથી લાગતા વળગતા પદના આધિકારીઓ નિર્માધીન રોડમાં સ્ટીલ સળીયા વપરાયા નથી. તેની ખાત્રી કરીને અને સર્વે કરી તે સળીયાના નાણાં કોન્ટ્રાકટર પાસે વસુલાત કેમ ના કરવી આમા જવાબદાર ઈજનેરને પણ આ સળીયા કેમ વપરાતા નથી. તેનો ખુલાસો લેવો રહ્યો. જેથી વડોદરા ઝોનના નગર પાલિકા કમીશ્નર આ નવિન કાર્યનો સંગીયાન લેશે ખરાં કે પછી આ ખુલ્લામાં ખુલ્લો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. તેના પાછળ કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો આવનારો સમય બતાવશે સ્ટીલના સળીયાની વસુલાત ના થાય તો કોઈ કાર્યવાહી થઈ નથી તેવું શહેરીજનોમાં ગણગણાટ થઈ રહ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.74

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# રેલવે કોચમાં ગુંજી કિલકારી, ૧૦૮ના સ્ટાફે કરાવી મહિલાની પ્રસૂતિ, ગોધરા રેલવે સ્ટેશનની ઘટના



ગોધરા,

આજરોજ પોણા છ ની આસપાસ ગોધરા રેલવે સ્ટેશન પર એક ટ્રેનનો કોચ એક નવજાત માસૂમની કિલકારીથી ગુંજી ઉઠ્યો હતો. એક મુસાફર મહિલાને અચાનક પ્રસવની પીડા ઉપડતા તેની ત્યાંજ નોર્મલ ડિલિવરી કરવામાં આવી હતી. ગોધરા રેલવે સ્ટેશનના સ્ટાફ અને ૧૦૮ની ટીમને આ તકે ખુબ જ પ્રસંશનીય કામગીરી કરી હતી. જેની સૌ કોઈ સરાહના કરી રહ્યાં છે. દિલ્હી થી મુંબઈ તરફ જઈ રહેલી સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસમાં દિલ્હીથી સુરત સુધી એક મહિલા મુસાફરી કરી રહી હતી. તે સમય દમિયાન મહિલાને પ્રસવ પીડા ઉપડતા તેઓ ચિંતાતુર થઈ ગયા હતા.

પરંતુ ટ્રેનની અંદર મુસાફરી કરી રહેલા જાગૃત મુસાફરો તાત્કાલિક નજીકનું કયું રેલવે સ્ટેશન આવે છે, તેને ધ્યાનમાં રાખી ૧૦૮ એમ્બ્યુલન્સને તાત્કાલિક જાણ કરી હતી. જ્યાં ૧૦૮ ના પાયલોટ રાઉલજી હિતેન્દ્રસિંહ અને ઈએમટી નિલેશભાઈ બારીયા તાત્કાલિક ગોધરા રેલવે સ્ટેશન ઉપર પહોંચી અને સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલ પ્રિયાબેન પવનભાઈ ગુપ્તા જેવો દિલ્હીથી સુરત તરફ જઈ રહ્યા હતા.તે મહિલાને ટ્રેનના કોચમાં સફળતા પૂર્વક નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી હતી.

સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસમાં મુસાફરોની ભારે ચહલ-પહલ વચ્ચે એક મહિલા દંપતી દિલ્હી થી સુરત તરફ જઈ રહ્યા હતા. તે સમય દરમિયાન સગર્ભા પ્રિયાબેન પવનભાઈ ગુપ્તાને પ્રસવ પીડા ઉપડી હતી. જેને લઈને ટ્રેનમાં મુસાફરી કરી રહેલા લોકો એકત્રિત થઈ ગયા હતા અને તેઓએ તાત્કાલિક નજીકના રેલ્વે સ્ટેશન એટલે કે ગોધરા રેલવે સ્ટેશન ઉપર તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ ને જાણ કરી હતી. જ્યાં ૧૦૮ ના પાયલોટ રાઉલજી હિતેન્દ્રસિંહ અને ઈએમટી નિલેશભાઈ બારીયાએ પ્રિયાબેન પવનભાઈ ગુપ્તાને નોમેલ ડિલિવરી કરાવી હતી. ઉપસ્થિત સૌ લોકો ૧૦૮ની સ્ટાફની કામગીરીને બિરદાવી હતી.રેલ્વે કોચ કિલકિલાટથી ગુંજી ઉઠ્યું. ટ્રેનના કોચમાં પ્રિયાબેનની સફળ નોર્મલ ડિલીવરી કરાવવામાં આવી હતી. પ્રિયાબેનના ખોળે લક્ષ્મીને જન્મ આપ્યો હતો. બાળકની પહેલી કિલકારી રેલ્વેના કોચમાં ગુંજી ઉઠી હતી. બાદમાં માતા-દિકરીને ૧૦૮ મારફતે સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. જ્યાં બંનેની તબિયત સ્વસ્થ હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ, ગોધરા રેલ્વે સ્ટેશન ઉપર ૧૦૮ કર્મીઓના સંયુક્ત પ્રયાસથી ટ્રેનના કોચમાં મહિલાની સફળતા પૂર્વક ડિલીવરી થઈ હતી.

# પંચમહાલમાં એક શિક્ષક અને ત્રણ વિદ્યાર્થીઓને ઈસરોમાં યુવા વૈજ્ઞાનિક કાર્યક્રમમાં પસંદગી



ગોધરા,

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ સેન્ટર(ઈસરો)માં યુવા વૈજ્ઞાનિક કાર્યક્રમમાં પ્રવેશ મળે તે હેતુથી સંસ્થા દ્વારા ઈન્ડિયન સ્પેસ એન્ડ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)શાળાના બાળકો માટે ''યુવા વૈજ્ઞાનિ કાર્યક્રમ'' (યુવિકા-૨૦૨૨)અને જેને ''યંગ સાયન્ટિસ પ્રોગ્રામ'' (ઈસરો યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ-૨૦૨૨) તરીકે પણ ઓળખાય છે. તેનુ આયોજન કરાતુ હોય છે. જેમાં ગોધરા ખાતેના લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઉભરતા યુવાનોને અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજી સંશોધનમાં જુસ્સો જગાવવા માટે કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રયાસ હાથ ધર્યા હતા. ગોધરા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સતત મહેનત કરવામાં આવેલ હતી. જે મહેનત રંગ લાવી હતી. જેમાં પંચમહાલના એક ક્ષિક અને ત્રણ છાત્રોની ઈસરોમાં યુવા વૈજ્ઞાનિક કાર્યક્રમમાં પસંદગી પામ્યા હતા. શાળાના શિક્ષક જતીન જોશી તથા વિધાર્થી ગોહિલ આર્યન, ગરાસિયા આદિત્ય અને શાહ યક્ષનો સમાવેશ થાય છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ અમદાવાદ ઈસરોમાં ૮ દિવસ સુધી રોકાણ કરશે.

# ગોધરા પાલિકા કાઉન્સીલરની પુત્રીના લગ્નમાં રેન્જ આઈ.જી. અને ડી.વાય.એસ.પી.એ હાજરી આપી



ગોધરા,

ગોધરા નગરપાલિકાના કાઉન્સિલર સીદીક ડેનીની પૂત્રીના લગ્નમાં આર્શિવાદ આપવા પંચમહાલ રેન્જ આઈજી આર.વી.અસારી અને ડીવાયએસપી એન.વી.પટેલ લગ્નમાં પહોચ્યા હતા. સામાન્ય રીતે પોલીસ અધિકારીઓ પોતાની ડ્યૂટી માંથી સમય ઘણીવાર નથી ફાળવી શકતા ત્યારે લગ્નમાં પહોચેલા પોલીસ અધિકારીઓની સાદગી જોઈને પણ સૌ અભિભુત થયા હતા. દીકરીને ભેટ પણ આપી હતી.

હાલમા લગ્નસરાની સિઝનની શરૂઆત થઈ છે. ગોધરાનગર પાલિકાના કાઉન્સિલર સિદીક ડેનીની પૂત્રી ફાયેઝાના લગ્નપ્રસંગમા હાજરી આપવા પંચમહાલ પોલીસના બે અધિકારીઓ પહોચ્યા હતા. પંચમહાલ પોલીસના રેન્જ અધિકારી આર.વી.અસારી તેમજ ડીવાયએસપી એન.વી.પટેલ દીકરીને આર્શિવાદ આપવા પહોચ્યા હતા.વેજલપુર રોડ આમીના મસ્જિદની પાસે લગ્ન કાર્યક્રમ રાખવામા આવ્યો હતો.અધિકારીઓએ રીત રિવાજ મુજબ વ્યવહાર કર્યો અને દાંપત્યજીવન સુખમય નિવડે એવા આશીર્વાદ આપ્યા હતા. આમ, તો પોલીસ બંદોબસ્ત સાથે સાથે કામગીરી કરતા હોય છે, પરંતુ આવા જ કાર્ય પ્રસંગ હોય ત્યારે દીકરીને આશીર્વાદ આપવા પણ પહોંચે છે.

# ગોધરા તાલુકાના દરૂણીયા ગામે થી નેચર હેલ્પ ફાઉન્ડેશન દ્વારા ૭ ફુટના મહાકાય અજગર નું રેસ્ક્યુ કરી સલામત સ્થળે છોડી મૂકવામાં આવ્યો



ગોધરા,

ગોધરા શહેર તેમજ આસપાસ ના ગ્રામ્ય વિસ્તારોમાં જળચર પ્રાણીઓ આવી જવાની ઘટનાઓ દિન પ્રતિદિન બનતી રહે છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રે ગોધરા તાલુકાના દરૂણીયા ગામે મેન રોડ ઉપર એક મહાકાય અજગર ઝાડી ઝાંખરામાં ઘુસી જતા અફડા તફડી મચી જવા પામી હતી.આથી સ્થાનિક લોકોએ તાત્કાલિક નેચર હેલ્પ ફાઉન્ડેશન અને ફોરેસ્ટ વિભાગની ટીમને જાણ કરી હતી. જેથી નેચર હેલ્પ ફાઉન્ડેશન અને ફોરેસ્ટ વિભાગની ટીમની સયુંકત ટીમે સાત ફૂટના મહાકાય અજગરનું રેસ્ક્યુ કરીને અને સલામત સ્થળે છોડી મુકવામા આવ્યો હતો.

ગોધરા તાલુકાના દરૂણીયા ગામે મેન રોડ ઉપર એક મહાકાય અજગર ઝાડી ઝાંખરામાં ઘુસી જતા અફડા તફડી મચી જવા પામી હતી. આથી સ્થાનિક લોકોએ તાત્કાલિક નેચર હેલ્પ ફાઉન્ડેશન હેરી રાઠોડને ટેલિફોનીક જાણ કરી હતી. આથી નેચર હેલ્પ ફાઉન્ડેશન હેરી રાઠોડ એ મયુર મકવાણા અને સામલી ફોરેસ્ટ વિભાગ ટીમે સાથે રાખીને ૭ ફુટના મહાકાય અજગરનો રેસ્કયું કરી સલામત સ્થળે છોડી મૂકવામાં આવ્યો હતો. અજગરનું રેસ્કયું થયા બાદ ગામલોકો એ રાહત નો શ્વાસ લીધો હતો.

# ગોધરા કલરવ સ્કુલ ખાતે ગુજરાત પ્રદેશ ભોઈ સમાજ ક્રાંતિદળ દ્વારા સ્નેહ મિલન યોજયું



ગોધરા,

ગોધરા શહેરના કલરવ સ્કૂલ ખાતે ગુજરાત પ્રદેશ ભોઈ સમાજના ક્રાંતિદળ સેવા ટ્રસ્ટ દ્વારા રાજયકક્ષાનું સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગોધરાના ધારાસભ્ય સી કે રાઉલજી નગરપાલિકાના પ્રમુખ જયેશભાઈ ચૌહાણ ગોધરા શહેર ભાજપ પ્રમુખ દિલીપભાઈ દસાડીયા નગરપાલિકાના સભ્ય દિપેશ ઠાકોર જીતુભાઈ સાવલાણી તેમજ ભોઈ સમાજ ક્રાંતિ દળ ટ્રસ્ટના પ્રમુખ જયંતીભાઈ કડીઆ, ઉપપ્રમુખ જયેશભાઈ ભોઈ, મહામંત્રી મનોજભાઈ, શંકરભાઈ ભોઈ સહીતના ભોઈ સમાજના અગ્રણીઓ મહાનુભાવો અને યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરી અને કાર્યક્રમને આગળ ધપાવ્યો હતો. ત્યારબાદ ભોઈ સમાજ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોને સાલ ઓઢાડી અને પુષ્પ ગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગોધરા શહેરમાં કલરવ સ્કૂલ ખાતે ગુજરાત પ્રદેશ ભોઈ સમાજના ક્રાંતિદળ સેવા ટ્રસ્ટ દ્વારા રાજયકક્ષાનું સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભોઈ સમાજના અગ્રણીઓ મહાનુભાવો અને યુવાઓ સાથે મહિલાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને અનુરૂપ ગુજરાત પ્રદેશ ભોઈ સમાજના ક્રાંતિદળ સેવા ટ્રસ્ટના પ્રમુખ દ્વારા આગામી કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં મોટી સંખ્યામાં ભોઈ સમાજના લોકો ઉપસ્થિત રહી અને સ્નેહમિલન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# શહેરા પોલીસે પીઆઈ એ.બી. ચૌધરીને મળેલી માહિતીના આધારે ૧૧ ગૌવંશને કતલખાને જતા બચાવી લીધા




શહેરા,

શહેરા વાઘજીપુર ચોકડી પાસે પોલીસે ગૌરક્ષકોને સાથે રાખીને આઇસર ગાડી માંથી કતલખાને લઈ જવાતા ૧૧ જેટલા ગૌવંશને બચાવી લીધા હતા. પોલીસે ૧૧ ગૌવંશ અને આઇસર ગાડી મળીને અંદાજીત રૂપિયા દસ લાખનો મુદ્દામાલ કબજે લઈને ચાલકની પૂછપરછ હાથધરી હતી.

શહેરા પોલીસ સ્ટેશન ખાતે નવીન પી.આઇ. એ.બી.ચૌધરીએ ચાર્જ સંભાળતાની સાથે તેમને ખાનગી રાહે માહિતી મળી હતી કે લુણાવાડા થી ગોધરા તરફ પશુ ભરેલી આઇસર ગાડી પસાર થવાની છે. મળેલી માહિતીના આધારે પોલીસે ગૌરક્ષકોને સાથે રાખીને વાઘજીપુર ચોકડી પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીના વર્ણન વાળી આઇસર ગાડી આવતા તેને ઉભી રખાવીને ડાલામાં તપાસ કરતા ઘાસચારા અને પાણી વગર ક્રુર્તાપૂર્વક બાંધી રાખેલી ગાયો જોવા મળી હતી. પોલીસ ૧૧ જેટલા ગોવંશ ને કતલખાને જતા બચાવી લઈને પશુ ભરેલી આઇસર ગાડીને પોલીસ સ્ટેશન ખાતે લાવીને જરૂરી કાર્યવાહી હાથધરીને પકડી પાડેલ ગાડીના ચાલકની પૂછપરછ કરતા પંજાબ થી મહારાષ્ટ્ર ખાતે પશુ લઈ જવાના હોવાનું જણાવ્યું હતું. પોલીસ અને ગૌરક્ષકોને મળેલી માહિતીના આધારે ૧૧ જેટલી ગાયોને કતલખાને જતા બચાવી લઈને ગોધરા પરવડી ખાતે આવેલ પાંજરાપોળ ખાતે તમામ પશુઓને મોકલી દેવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ચાલકની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવનાર હોવા સાથે ૧૧ પશુઓ અને આઇસર ગાડી મળીને અંદાજીત દસ લાખનો મુદ્દામાલ કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ગોધરા પાવર હાઉસ વિસ્તારમાં ગણેશ બેકરી પાછળના વિસ્તારમાં ખુલ્લી ગટરોને લઈ રોગચાળો ફેલાવો બે ડેન્ગુ પોઝીટીવ કેસ નોંધાયા



ગોધરા,

પંચમહાલ જીલ્લા સતિ ગોધરામાં ડબલ સીઝનને કારણે શરદી, ખાંસી, તાવ જેવી બિમારીઓને લઈ દવાખાનામાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. ત્યારે ગોધરા શહેરના પાવર હાઉસ વિસ્તારમાં ગણેશ બેકરી પાછળના વિસ્તારમાં બે ડેન્ગ્યુ કેસ પોઝીટીવ આવતાં આ વિસ્તારના લોકોમાં ડર ઉભો થવા પામ્યો છે.

ગોધરાના પાવર હાઉસ વિસ્તારમાં આવેલ ગણેશ બેકરીની પાછળના વિસ્તારમાં પાલિકા દ્વારા બનાવવામાં આવેલ ગટર લાઈન ખુલ્લી હોવાનો લઈ મચ્છરોના ઉપદ્રવ વધ્યો છે અને આ વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો માંથુ ઉંચકી રહ્યો છે. મોટાભાગે તમામ ઘરોમાં માંદગી દર્દીઓ જોવા મળી રહ્યા છે. ગણેશ બેકરી પાછળ રહેતા એક પરિવારની ૧૧ વર્ષીય અને ૧૩ વર્ષીય બાળકીઓના ડેન્ગ્યુ પોઝીટીવ આવતાં બન્ને બાળકીઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે. પાવર હાઉસ ગણેશ બેકરી પાછળ બે ડેન્ગ્યુ પોઝીટીવ કેશ નોંધાવા પામ્યા છે. ત્યારે ગોધરા પાલિકા તંત્ર દ્વારા ખુલ્લી ગટરોની સાફસફાઈ કરવામાં આવે તેમજ આરોગ્ય વિભાગ દ્વારા આ વિસ્તારની મુલાકાત લઈને આરોગ્ય ચેકીંગ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આ વિસ્તારના સ્થાનિક રહિશો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. પાલિકા દ્વારા આ વિસ્તારમાં કોઈપણ પ્રકારની સાફસફાઈ કરવામાં આવતી નથી. જેને લઈ ખુલ્લી ગટરોમાં કચરા ઢગલાઓને લઈ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે અને ખુલ્લી ગટરોને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જેને લઈ રોગચાળો આ વિસ્તારને ભરડામાં લે તે પહેલા પાલિકા દ્વારા સાફ સફાઈ અને આરોગ્ય તંત્ર દ્વારા આ વિસ્તારમાં આરોગ્ય ચેકીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# કાલોલ ટ્રાફિકને અડચણ રૂપ ૧૫૦ જેટલા દબાણો દુર કરાયા



કાલોલ,

કાલોલ પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા લોક દરબારમાં સરકારી જગ્યાઓના દબાણોના મુદ્દાઓ ચર્ચાસ્પદ બનતા પાલિકા તંત્રએ પોલીસ બંદોબસ્ત સાથે નડતર રૂપ દબાણોનો સફાયો બોલાવ્યો હતો. જેમાં કાલોલ શહેર ભાજપના મહામંત્રીની દુકાન બહાર અડચણરૂપ છજા સહિતના નગરના ૧૫૦ દબાણોને દુર કરાયા હતા તથા ૧૩,૨૦૦નો દંડ પણ વસુલાયો હતો.

કાલોલ પોલીસ સ્ટેશન ખાતે થોડા દિવસો અગાઉ પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા પોલીસ સ્ટેશન ઈન્સ્પેકશન તેમજ લોક દરબારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કાલોલ નગરમાં છાશવારે થતાં દબાણોના કારણે જાહેર માર્ગો પર ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થતાં રાહદારીઓ અને નગરમાં આવતા ગ્રાહકો તેમજ વાહનચાલકો માટે માથાનો દુઃખાવો થઈ ગયા હોવાનો મુદ્દો ચર્ચાયો હતો. જેથી એસપીએ ચોકકસપણ ધ્યાન પર લઈ તેનુ નિવારણની ખાતરી આપી હતી. લોક દરબારમાં ચર્ચાયેલા સરકારી જમીનો તેમજ માર્ગો પર થયેલા દબાણોને કાલોલ નગરપાલિકા ટીમ, કાલોલ મામલતદાર તેમજ પોલીસ બંદોબસ્ત સાથે જેસીબીની મદદથી અંદાજિત ૧૫૦ જેટલા દબાણો દુર કરવામાં આવ્યા હતા. કાલોલ નગરના કસ્બા વિસ્તાર, સડક રોડ, ભાથીજી મંદિર, નગરપાલિકા વિસ્તારના જાહેરમાર્ગો પર લારી-ગલ્લા દુકાનો બહાર રોડ તરફ ખેંચવામાં આવેલા છજા, પગથિયાના દબાણનો દુર કરી માર્ગો ખુલ્લા કર્યા હતા. તથા કાલોલ નગરપાલિકા દબાણ કરનારાઓ પાસેથી કુલ રૂ.૧૩,૨૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. નગરમાં દુર કરાયેલા દબાણોના શહેર ભાજપના મહામંત્રી દુકાનની બહારના છજાને પણ દુર કરી પાલિકા વહીવટી તંત્રએ સમાન ન્યાયનો દરજ્જો પુરવાર કર્યો હોવાનો નગરમાં દાખલો બેસાડ્યો હતો.

# ગોધરા એસઆરપી ગ્રુપ-૫ કવાટર્સમાં તસ્કરોએ ત્રાટકી ૩.૯૧ લાખની ચોરીને અંજામ આપ્યો

ગોધરા,

ગોધરાના રાજ્ય અનામત પોલીસ દળ જુથ ૫ ખાતે રહેતા અને સુરત ખાતે બંદોબસ્તમાં રોકાયેલા એસઆરપી જવાનના બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવીને રોકડ અને દાગીના મળી કુલ રૂ.૩.૯૧ લાખની મત્તાની ચોરી કરી હતી.

પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેરના છેવાડાની સોસાયટીઓ સહિત વિસ્તારોમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. અને દિન પ્રતિદિન ચોરીને અંજામ આપી રહ્યા છે. જેના કારણે સોસાયટી સહિત વિસ્તારના રહિશો રાત્રિ દરમિયાન નાઈટ પેટ્રોલિંગ અને પહેરેદારી અને બીજી બાજુ વોટ્સએપ દ્વારા સક્રિય રહીને તસ્કરોની ઉપર બાજ નજર રાખી રહ્યા છે. તેમ છતાં પણ તસ્કરો ચોરીને અંજામ આપી રહ્યા છે.

ગોધરાના ઓરવાડા ખાતે રહેતા અને એસઆરપી ગ્રુપ-૫માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જગદીશભાઈ કશનાભાઈ પરમાર એસઆરપી કવાર્ટરમાં રહે છે પરંતુ દિવાળી સમયે તેઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર બંદોબસ્તમાં હતા જયારે તા.૧૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ સવારના સમયે તેઓની પત્નિ રૂમ બંધ કરી પોતાના વતનમાં ગયા હતા. અને તા.૧૪ નવેમ્બરના રોજ સવારના ગોધરા ફરજ પરના એસઆરપી જવાન ચેતનભાઈ જે.ભરવાડનો ફોન કરી જગદિશભાઈને જણાવ્યુ હતુ કે, રાત્રિના સમયે સરકારી રૂમોના તાળા તુટ્યા છે. જેમાં તમારા મકાનના પણ તાળા તોડ્યા છે. જે અંગેની જાણ જગદિશભાઈએ પત્નિને કરતા તેઓ એસઆરપી ગ્રુપમાં આવેલ રૂમમાં જોતા રૂમનો સરસામાન વેરવિખેર રીતે પડ્યો હતો. અને દાગીના મુકવાની પેટીમાં દાગીના જોવા મળ્યા ન હતા. જેથી જગદિશભાઈ ગોધરા આવ્યા બાદ મકાનમાં તપાસ કરતા સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂ.૫,૦૦૦ મળી કુલ રૂ.૩,૯૧,૬૮૬/-ની અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ ગયા હતા.

# કાલોલના મેદાપુર કરાડ નદીમાંથી ગેરકાયદેસર રેતી ખનન સ્થળે ખાણ ખનીજની રેડ દરમિયાન અધિકારી પર પથ્થરથી હુમલો : પાંચ ટ્રેકટરો ઝડપાયા




કાલોલ,

કાલોલ તાલુકાના મેદાપુર સ્થિત કરાડ નદીમાં ઘણા સમયથી વ્યાપક પણે ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનન કરતા તત્વો સામે ખાણ ખનીજ વિભાગે છાપો મારીને પાંચ ટ્રેકટરોને ઝડપી લીધા હતા. પરંતુ એ સમયે રેતી ખનન કરતા તત્વોએ ખાણ ખનીજની ટીમ પર હુમલો કરીને ત્રણ ટ્રેકટરો છોડાવી ગયા હતા.

પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગે કાલોલ તાલુકાના મેદાપુર સ્થિત કરાડ નદીમાં ઘણા સમયથી ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનન કરતા તત્વો સામે છાપો મારીને નદી પટમાંથી ગેરકાયદે રેતી ખનન કરતા પાંચ ટ્રેકટરોને ઝડપી પાડ્યા હતા. પરંતુ એ સમયે રેતી ખનન કરતા તત્વોએ ખાણ ખનીજની ટીમ પર હુમલો કરતા પટમાં નાસભાગ મચી જવા પામી હતી.તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. રેતી ખનન કરતા માથાભારે તત્વોએ ખાણ ખનીજની ટીમ પર હુમલો કરીને ત્રણ ટ્રેકટરોને છોડાવી ગયા હતા. તેમ છતાં બે ટ્રેકટરો ઝડપી પાડીને કાલોલ મામલતદાર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યા હતા. ખાણ ખનીજ વિભાગની ટીમ પર થયેલા હુમલા અંગે ખાણ ખનીજ ટીમે ખનન માફિયાઓ વિરુદ્ધ કોઈ પોલીસ ફરિયાદ હજુ સુધી નોંધાઈ નથી. જોકે ઘટના સમયે હુમલાનો ભોગ બનેલા અધિકારીએ પંચમહાલ જિલ્લા કલેકટરને હુમલા અંગે જાણકારી આપીને કાલોલ પોલીસની મદદ લીધી હતી. જે પછી બે ટ્રેકટરો ઝડપી લીધા હતા. તેમ છતાં ગેરકાયદે ખનન ખનીજ માફિયાઓએ ખાણ ખનીજની ટીમ પર રેતી ભરવાના પાવડા તેમજ છુટા પથ્થરો ફેંકીને હુમલો કર્યો હોવાની ઘટના ઘટી હોવા છતાં આ હુમલામાંથી માંડ બચી ગયેલા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓએ કાલોલ પોલીસ સ્ટેશનમાં માત્ર જાણવા જોગ અરજી આપ્યા પછી ફરિયાદ દાખલ નહિ કરીને સમગ્ર ઘટના અંગે ભીનુ કેમ સંકેલી લીધુ એ અંગેના સવાલો ઉભા થયા છે.